પ્રેસ રિલિઝ

# Calderys (કૉલ્ડેરીસ) ભારતમાં તેની બીજી પબ્લિક સ્કૂલ માટે તદ્દન નવા બિલ્ડિંગનું ઉદ્ઘાટન **કર્યું**

Calderys વાંકાનેર, ભારતમાં તેની બીજી પબ્લિક સ્કૂલ માટે તદ્દન નવા બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું. 2020 માં ભારતની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા સાથે ભાગીદારીમાં ખોલવામાં આવેલી આ સ્કૂલ સ્થાનિક સમુદાયના બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરી રહી છે. તે 2026 સુધીમાં 500 વિદ્યાર્થીઓને આવકારશે.

પેરિસ**,** ફ્રાંસ **- 25** સપ્ટેમ્બર**, 2023** - Calderys એ શ્રી જીતુભાઈ સોમાણી, વાંકાનેરથી વિધાનસભાના સભ્ય., શ્રી જી.ટી. પંડ્યા - મોરબીના જિલ્લા કલેક્ટર, મિશેલ કોર્નેલિસન - Calderys ગ્રુપના પ્રમુખ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, ઈશ મોહન ગર્ગ - એશિયા પેસિફિક પ્રદેશના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ, તેમજ ગુજરાત સરકારના અધિકારીઓની હાજરીમાં ભારતના ગુજરાત રાજ્યમાં આવેલ - વાંકાનેરમાં તેની બીજી સ્કૂલ માટે તદ્દન નવા બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું.

નવા બિલ્ડિંગમાં નર્સરીથી ધોરણ 10 સુધીના 13 વર્ગખંડો છે અને કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ (Central Board of Secondary Education, CBSE), રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાના ધોરણોને અનુસરીને ડેડિકેટેડ વિજ્ઞાન પ્રયોગશાળાઓ, IT કેન્દ્રો, રમતનું મેદાન અને અન્ય તમામ સુવિધાઓ સાથે તે અત્યાધુનિક શૈક્ષણિક જગ્યાઓ ધરાવે છે. સંપૂર્ણ ક્ષમતાએ, 2026 સુધીમાં સ્કૂલ 500 વિદ્યાર્થીઓને આવકારશે.

Wankaner Calderys DAV (વાંકાનેર કૉલ્ડેરીસ ડીએવી) સ્કૂલ એ Calderys અને DAV કોલેજ મેનેજિંગ કમિટી (DAV CMC) દ્વારા ખોલવામાં આવેલી બીજી સ્કૂલ છે, જે ભારતમાં 900 થી વધુ શાળાઓ, 75 કોલેજો અને એક યુનિવર્સિટીની દેખરેખ કરતી એક પ્રખ્યાત બિન-સરકારી શૈક્ષણિક સંસ્થા છે.

Calderys અને DAV CMC દ્વારા પ્રથમ સ્કૂલ 1995 માં મધ્યપ્રદેશ રાજ્યના કટનીમાં ખોલવામાં આવી હતી. આજે તેમાં સ્થાનિક સમુદાયોના 1,000 થી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા છે.

2015 માં જ્યારે Calderys એ વાંકાનેરમાં તેનો પ્લાન્ટ શરૂ કર્યો, ત્યારે શહેરમાં અંગ્રેજી માધ્યમની કોઈ સ્કૂલ નહોતી, અને તેથી મોટાભાગના વાલીઓએ તેમના બાળકોને વાંકાનેરથી 65 કિમી દૂર રાજકોટ શહેર મોકલવા પડતા હતા. Calderys સાઉથ વેસ્ટ એશિયાના ઈન્ડસ્ટ્રીયલ ઓપરેશન્સ ડિરેક્ટર, સત્યેન્દ્ર કુમાર કહે છે, "અમારા વાંકાનેર પ્લાન્ટના ઉદઘાટન સમયે, વિસ્તારનો શૈક્ષણિક લેન્ડસ્કેપ પ્રતિભાને આકર્ષવા અને જાળવી રાખવામાં અવરોધ હતો, અમે નથી ઈચ્છતા કે અમારા કર્મચારીઓને સારી નોકરી અને તેમના બાળકોના શિક્ષણ વચ્ચે પસંદગી કરવી પડે".

આને ધ્યાનમાં રાખીને અને જ્યાં પણ તે વ્યવસાય કરે ત્યાં સકારાત્મક પ્રભાવ હોવાની તેની પ્રતિબદ્ધતાને અનુરૂપ, Calderys એ તેના કર્મચારીઓના બાળકોને, તેમજ સ્થાનિક સમુદાયને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે વાંકાનેરમાં ભાડાના બિલ્ડિંગમાં અંગ્રેજી માધ્યમની કેન્દ્રિય બોર્ડ સ્કૂલ ખોલવાનું નક્કી કર્યું.

Calderys ગ્રુપના APAC ના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને ભારતમાં Calderys ના મેનેજિંગ ડિરેક્ટર, ઈશ મોહન ગર્ગ કહે છે, "અમે શિક્ષણની પરિવર્તનકારી શક્તિમાં વિશ્વાસ રાખીએ છીએ". "કટનીમાં અમારી પ્રથમ સ્કૂલ શરૂઆતથી જ સફળ રહી છે. ખોલવાની અને હવે વિસ્તારવાની તક મળતાં, આ બીજી સ્કૂલ ગર્વનો એક અપાર સ્ત્રોત છે".

આ નવી સ્કૂલની શરૂઆત એપ્રિલ 2020 માં 33 વિદ્યાર્થીઓ સાથે થઈ હતી. ત્યારથી, શિક્ષણ ટીમના સમર્પણને કારણે તે સતત વિકાસ પામી છે. આ વર્ષે, સ્કૂલમાં કુલ નોંધણી વધીને 190 વિદ્યાર્થીઓ થઈ છે અને 2026 સુધીમાં 500 વિદ્યાર્થીઓને આવકારવાનું લક્ષ્ય છે.

મિશેલ કોર્નેલિસન, Calderys ના પ્રેસિડેન્ટ અને CEO, ટિપ્પણી કરે છે: "આ પહેલ *Calderys* ની તેના લોકો અને સ્થાનિક સમુદાયો પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે સંપૂર્ણ રીતે જોડાયેલી છે. તે અહીં ભારતમાં શિક્ષણ પ્રત્યેની અમારી સંલગ્નતાને પ્રતિબિંબિત કરે છે, માત્ર અમારા કર્મચારીઓના બાળકો માટે જ નહીં પરંતુ વિશાળ સમુદાયના લાભ માટે."

ઈશ મોહન ગર્ગ અંતમાં કહે છે, "આપણને વારંવાર વૈશ્વિક શિક્ષણ કટોકટી વિશે સાંભળવા મળે છે. શિક્ષણની આસપાસને લગતી અમારી પહેલો સાથે, ખાસ કરીને દેશમાં અમારી બે સ્કૂલ સાથે, અમે બાળકો સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચને પ્રોત્સાહન આપવા માટે અમારી સ્પષ્ટપણે સંડોવણી દર્શાવીએ છીએ. સાથે-સાથે અમે ભારતમાં *Calderys* ખાતે માતા-પિતા માટે કામ કરવાની તકો ઉપલબ્ધ કરાવીએ છીએ. આ એક સદાચારી ચક્ર છે જેણે પાછલા વર્ષોમાં તેની સફળતા સાબિત કરી છે."



**Calderys** વિશે

Calderys ઉચ્ચ-તાપમાન સ્થિતિમાં કામ કરતા ઉદ્યોગો માટે અગ્રણી વૈશ્વિક પ્રદાતા છે. સ્ટીલ કાસ્ટિંગ, મેટલર્જિકલ ફ્લક્સ અને મોલ્ડિંગ પ્રક્રિયાઓને વધારવા માટે રિફ્રેક્ટરી ઉત્પાદનો અને અદ્યતન સોલ્યુશન્સની વિશાળ શ્રેણી સાથેના ઔદ્યોગિક સાધનો માટે આ ગ્રુપ થર્મલ પ્રોટેક્શનમાં વિશેષતા ધરાવે છે. 30 થી વધુ દેશોમાં હાજરી અને બ્રાન્ડ HWI (HarbisonWalker International) દ્વારા અમેરિકામાં મજબૂત પ્રભાવ (ફૂટપ્રિન્ટ) સાથે, Calderys નું નિષ્ણાતોનું આંતરરાષ્ટ્રીય નેટવર્ક અનુરૂપ સેવાઓ સાથે એન્ડ-ટુ-એન્ડ ઓફરની ખાતરી આપે છે. 150 વર્ષથી વધુના અનુભવને આધારે, Calderys તેના ગ્રાહકોને તેમની ઉર્જા સંક્રમણની જરૂરિયાતોમાં ટેકો આપે છે. પેરિસ, ફ્રાન્સમાં મુખ્ય મથક ધરાવતા ગ્રુપમાં 6,500 કરતાં વધુ કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરો છે અને પાંચ ખંડોમાં 50 પ્લાન્ટ ધરાવે છે.
વધુ માહિતી માટે, **www.calderys.com** ની મુલાકાત લો

મીડિયા સંપર્ક **વ્યક્તિ:**

Aurélie de Chassey-Hayot (ઓરેલી ડી ચેસી-હેયોટ)
ગ્લોબલ વાઈસ પ્રેસિડેન્ટ, કોમ્યુનિકેશન્સ
Calderys ગ્રુપ
ટેલિફોન: +33 (0) 6 70 16 70 38
મેઇલ: aurelie.dechassey-hayot@calderys.com

સોશિયલ નેટવર્ક પર **Calderys** ને ફોલો કરો